# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-05-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશવિદેશના લોકો સમક્ષ તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડી હશે. હિન્દીમાં “મન કી બાત” ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન AIR મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય - PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આજે સાંજે 7 વાગીને 7 મિનિટે આકાશવાણી ભુજ પરથી પ્રસારીત થશે.

---------------------------------------------------------------------------------------------

## કૃષિમંત્રી-ખેત બચાવો અભિયાન:

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ખેત બચાવો અભિયાનને ખેતરો, ખેડૂતો અને ગામડાઓને જોડતું વ્યાપક રાષ્ટ્રીય અભિયાન બનાવવું જોઈએ.

મંત્રીએ નવી દિલ્હીમાં ખેત બચાવો અભિયાનની તૈયારીઓ અંગે ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરતી વખતે આ વાત કહી હતી. બેઠક દરમિયાન, તેમણે કહ્યું કે આ અભિયાનનું ધ્યાન ખાતરોના સંતુલિત અને વિવેકપૂર્ણ ઉપયોગ, હવામાન સંબંધિત પડકારોને ધ્યાનમાં રાખીને ખેડૂતોને સમયસર સલાહ, પંચાયત સ્તરે સક્રિય ભાગીદારી અને યોજનાઓના લાભો સીધા ગામડાઓ સુધી પહોંચાડવા પર રહેશે.

ખેત બચાવો અભિયાન આવતીકાલે **1** જુન થી **30** જૂન સુધી દેશભરમાં ચલાવવામાં આવશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર **KVKs** ને ઝુંબેશમાં ભાગ લેતી તમામ સંસ્થાઓ માટે મુખ્ય સંકલનકારોની ભૂમિકા સોંપવામાં આવી છે.

---

## સ્વાગત કાર્યક્રમ-CM:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર રસ્તાઓ પર દબાણ કરતા અસામાજિક તત્વો સામે કડકાઈથી કાર્યવાહી કરીને ખેડૂતોને સલામતીનો અહેસાસ કરાવવા પોલીસને સૂચના આપી. મે મહિનાના રાજ્યકક્ષાના સ્વાગત ઑનલાઈન એટલે કે, ટેક્નોલૉજીના ઉપયોગ દ્વારા ફરિયાદ પર રાજ્યવ્યાપી ધ્યાન કાર્યક્રમ અંતર્ગત આવતી રજૂઆતોનું સમયમર્યાદામાં નિરાકરણ લાવવા પણ મુખ્યમંત્રીએ જિલ્લા તંત્રને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા છે.

સાથે જ રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્વાગતમાં કુલ ચાર હજાર **20** અરજદારોની રજૂઆતો સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## હવામાન:

રાજ્યના વિવિધ વિસ્તારમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ યથાવત્ રહેવાની સંભાવના છે. આ સમયગાળામાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના અનેક

વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

દરમ્યાન રાજ્યની સાથે કચ્છમાં પણ 6 જુન સુધી હળવા મધ્યમ વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. વરસાદના વર્તારા વચ્ચે જીલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં તેજ ગતિએ પવન ફુંકાતા ધુળની ડમરીઓ ઉડતા જનજીવન પ્રભાવિત બન્યુ હતું.

---------------------------------------------------------------------------------------------------

## આઈ.પી.એલ:

ઇન્ડિયન પ્રીમિયર લીગ આઈ.પી.એલના આજે અંતિમ જંગમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર અંતિમ જંગનો આરંભ સાંજે સાડાસાત વાગ્યે શરૂ થશે. એ સાથે લગભગ બે માસ થી ચાલતી સ્પર્ધા પર પડદો પડી જશે. બેંગલુરુ ની ટીમે ગયા વરસે ખિતાબ જીત્યો હતો જ્યારે ગુજરાતની ટીમ ત્રણ વરસ પછી ફાઇનલ રમશે.

---------------------------------------------------------------------------------------------------

## મહિલા સ્વરોજગાર તાલીમ:

મહિલાઓ સ્વરોજગાર મેળવી આત્મનિર્ભર બને તે હેતુથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા જનરલ તાલીમનું આયોજન કચ્છમાં ભુજ ખાતે કરવામાં આવશે. આ તાલીમ તજજ્ઞો દ્વારા નિઃશુલ્ક આપવામાં આવશે. તાલીમનો સમયગાળો 1 માસનો રહેશે તથા તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. તાલીમમાં જોડાવા ઇચ્છુકે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રૂમ નં. 203, સેવા સદન, મુંદરા રોડ, ભુજ ખાતેથી અરજી ફોર્મ મેળવી પોતાનું નામ નોંધાવવાનું રહેશે.

---------------------------------------------------------------------------------------------------

# તમાકુ નિષેષ દિવસ-માંડવી કાર્યક્રમ:

**આજે તમાકુ નિશેષ દિવસ અંર્તગત માંડવીમાં વ્યસન મુક્તિ અભિયાનને લગતા કાર્યક્રમો આયોજન કરાયુ છે. વ્યસન મુક્તિના પ્રણેતા નરેશ મુનિના પુસ્તક વિહારનો વૈભવ ભાગ-6નું વિમોચન કરવામાં આવશે. ઉપરાંત માંડવી એસ.ટી.ડેપો ખાતે વ્યસન મુક્તિને લગતી પ્રચાર પત્રિકાઓનું વિતરણ કરાશે.**

---